ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પોલીસ, સીસી કેમેરા અને સ્કોડ ફરે છે,
ને ચોકી પહેરા માટે નિરીક્ષકો ભરે છે,
ચરે મોજથી પરીક્ષાર્થી બે-ફિકરા બની -
ઉલ્ટું, પરીક્ષા લેનારા જ ચિંતાઓ કરે છે!!

### હાઈકુ

સત્તા સ્વાર્થનાં,
થાય ગઠબંધન -
મૂલ્યોની હોળી!

કરે લાચાર!
- આચાર સંહિતા છે
જીભે લગામ

### ચિંતન

**અહો ખલસ્ય સર્પસ્ય વિપરીતો વધકર્મઃ ।**
**અન્યસ્ય દરાતિ શ્રોત્રમ-અન્યઃ પ્રાણર્વિયુજયતે ॥**

એ આશ્ચર્ય છે કે એક દુષ્ટ-દુર્જન અને બીજો ઝેરી કોબ્રા સાપ બંનેની બીજાના પ્રાણ લેવાની એક બીજાને રીતે સામાન્ય દેખાય એવી જ છતાં અલગ રીતે જુદી પડે છે :

દુર્જન છે તે કોઈ સજ્જન-સામાન્ય માણસના કાનમાં ભંભેરણી કરી - તેના-મન-ચિત્ત ને ઉશ્કેરી-વિકૃત્ત કરી તેના દ્વારા અન્યની હત્યા પણ કરાવી નાખે છે. એ પ્રમાણે પ્રાણ હરી લે છે.

જયારે સર્પ તો જેના પ્રાણ હરવા હોય એને ખૂદને કાનમાં કરડી મારી નાખે છે.

આમ જુઓ તો, ઝેરી કોબ્રા કરતાં પણ - દુષ્ટ-દુર્જન વધારે ભયંકર અને ખતરનાક છે.

### સુવિચાર

- જીસ કે ઘર મેં નહીં સંપ જરાસા... ઉસ કે ઘર મેં દેખતે હૈ લોગ રોજ તમાશા - **નવનિત**
- બુદ્ધિમાનના ત્રણ હથિયાર વાંચવું, લખવું અને શીખવું - **એસ. ભટ્ટાચાર્ય**
- મદ (આળસ) ઉત્પન્ન કરનારામાં કુબુદ્ધિ અને કુછંદ વિશેષ છે - **હરિન્દર દવે**
- કાબાને સોમનાથના પાષાણ ભિન્ન છે, સમજી શકો તો એથી વધુ ફેર નથી - **શૂન્ય પાલનપુરી**
- કાર્ય સાધના માટે કષ્ટોની ગણતરી નહીં પણ કષ્ટોની બાદબાકી કરવાની આદત કેળવવી પડે છે - **જીવનસૂત્ર**
- વિવેક વગરનો વાદ તેનું નામ વિવાદ - **ફાધર વાલેસ**
- સફળતાની પ્રાપ્તિ બાદ તેનું સાતત્ય અને સ્થિરતા પણ એટલા જ મહત્ત્વનાં છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સુકો કફ છાતીમાં ભરાયેલ હોય તે કાઢવા માટે છાતી પર કોપરેલ લગાવી મીઠાની પોટલી તપાવી શેક કરવાથી કફ છુટે પડીને ગળફા વાટે નીકળી જાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

પૂ. ગાંધીજીએ સત્યાગ્રહની શરુઆત ઘરમાંથી જ કરી હતી અને નિયમ-વચન પાલનમાં મક્કમ રહેતા.

કસ્તૂરબાને કોઈ ઘાવમાં રક્તસ્ત્રાવ થતો હતો. બંધ થતો જ ન હતો. ગાંધીજીએ પોતાના કુદરતી ઉપચારો કર્યા પણ કંઈ ફાયદો ન થયો. નિષ્ણાત વૈદ્યને બોલાવ્યા. વૈદ્ય એ કહ્યું, 'કઠોળ અને મીઠું છોડી દ્યો.'

કઠોળ તો બા અને બાપુજીનો મુખ્ય અને પ્રિય ખોરાક હતો. એ કેમ છોડાય? બા એ તો ચોખ્ખી ના પાડી દીધી! હું કઠોળ અને મીઠું નહીં જ છોડું! વધારામાં બોલ્યા, તમને કોઈ કઠોળ અને મીઠું છોડવાનું કહે તો છોડો ખરા?

બાપુ કહે, બિમાર પડું તો ઉપચાર માટે છોડું ખરો, પણ તમારી માન્યતા દૂર કરવા હું આજ-અત્યારથી જ એક વર્ષ માટે કઠોળ-મીઠું નહીં ખાઉં!

બા, બાપુની મક્કમતાથી વાકેફ હતાં. રડ્યાં કહ્યું, મારી ભૂલ થઈ. હવે ખાતરી આપું છું કે કઠોળ-મીઠું નહીં ખાઉં... બાપુએ કહ્યું - આ નિમિત્તે મને પણ સંયમની ટેવ પડશે અને આયુર્વેદિક ફાયદા થશે, હવે મને આગ્રહ ન કરીશ...

બા ઠપકા ભર્યા લહેકામાં કહ્યું, 'બહુ હઠીલા છો' અને બાને આ નિયમ પછી રક્તસ્ત્રાવ બંધ થઈ ગયો.

# સંઘ ડ્રેસ કોડ બદલે છે

## તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાજસ્થાનના નાગોર ખાતે મળેલ પ્રતિનિધિસભાએ સૌથી મહત્ત્વનો નિર્ણય એના સ્વયંસેવકોના ગણવેશ (ડ્રેસકોડ) વિશે લીધો છે. ૧૯૨૫માં સ્થપાયેલ સંઘનો ગણવેશ આધુનિક જમાનાની સાથે સુસંગત નહીં રહ્યાની ચર્ચા ઘણા વર્ષોથી ચાલતી રહી છે. વચ્ચે ખમીસનો રંગ ખાખીને બદલે સફેદ કરાયો, બેલ્ટ બદલાયો અને બૂટ પણ બદલાયા પરંતુ ચડ્ડી અડીખમ રહી હતી. વયોવૃદ્ધ સ્વયંસેવકોને સંઘની ચડ્ડીમાં જોઈને સ્વાભાવિક રીતે જ લોકો ભોંઠપ અનુભવતા હતા. અલબત્ત, સમર્પિત સ્વયંસેવકોને તો 'ચડ્ડી'નું ગૌરવ જ લાગતું પરંતુ તમે જયારે દામલેજી જેવા વરિષ્ઠ સ્વયંસેવકને કે કૃપ.સી. સુદર્શનને ચડ્ડીમાં જુઓ ત્યારે આંખોને એ દૃશ્ય જરુર કઠતું જ હતું. મોહન ભાગવતના સરસંઘચાલક પણા નીચે વર્ષો જૂની ચડ્ડીને બદલે પેન્ટ પહેરવાની માગણી માન્ય રખાઈ છે અને સરકાર્યવાહ ભૈયાજી જોશીએ એની વિધિવત્ જાહેરાત કરી છે. હવે ટૂંક સમયમાં જ સંઘના ડ્રેસકોડમાંથી ચડ્ડી વિદાય લેશે અને બ્રાઉન પેન્ટ એની જગ્ય લેશે, યુવાનોને ચડ્ડી પહેરવી ગમતી નહોતી એથી એ શાખામાં જવાનું ટાળતા હતા. પેન્ટની છૂટ મળતાં હિંદુત્વની વિચારધારામાં શ્રદ્ધા ધરાવતા યુવાનો મોટી સંખ્યામાં સંઘ પ્રવૃત્તિમાં સક્રિય બનશે, એવી અપેક્ષા અસ્થાને નથી. સંઘના ડ્રેક કોડ વિશે જાત જાતના મંતવ્યો પ્રવર્તે છે. બ્રિટિશ રાજમાં સિપાઈઓ વચ્ચે વહેતો આંતરો રાખવામાં આવતો હતો. ભારતીય (દેશી) સિપાઈઓને ખાખી શર્ટ અને ચડ્ડી પહેરવી પડતી જયારે અંગ્રેજ સિપાઈઓ ફુલ પેન્ટ પહેરતા. સંઘનો ડ્રેસ કોડ દેશી સિપાઈઓ જેવો રાખવામાં આવ્યો હતો. કાળી ટોપી પણ સંઘનું ઓળખચિહ્ન બની ગઈ છે. સંઘના પ્રખર ટીકાકાર લાલુ યાદવે નિવેદન કર્યું છે કે સત્તા મળતાં જ સંઘ 'અપ-ટુ-ડેટ' થઈ ગયો છે. કોંગ્રેસના રાજયસભાના સદસ્ય અને નેતા ગુલામનબી આઝાદ તો સંઘને 'આઈએસઆઈએસ' જેવી આતંકવાદી સંસ્થા સાથે સરખાવે છે. રાહુલ ગાંધી અનો સોનિયા સંઘપ્રેરિત વિચારધારાના પ્રતિનિધિ તરીકે નરેન્દ્ર મોદી વિરુદ્ધ અને સુબ્રમણ્યમ સ્વામી, સાધ્વી પ્રાચી કે સાક્ષી મહારાજ અને મહંત આદિત્યનાથની કટુ વાણી સાથે આક્રોશ વ્યક્ત કરતાં રહે છે. સંઘ એ ભારતીય જનતા પાર્ટીની માતૃસંસ્થા છે. એટલે સ્વાભાવિક છે કે તે ભાજપના નેતૃત્વ હેઠળની અને વિશેષ તો સંઘના સ્વયંસેવક તથા પ્રચારક રહેલા નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકાર સત્તા પર આવે એટલે એનો વ્યાપ વધે જ. જો કે ભૈયાજી જોશી એમ જ માને છે કે સંઘની શાખા-પ્રશાખાઓમાં પહેલાંથી જ વધારો થતો રહ્યો છે અને યુવાવર્ગ ઉત્સાહપૂર્વક એમાં સામેલ થતો રહ્યો છે. આ કે તે પક્ષની સરકાર સાથે એને કશો સંબંધ નથી. એ તો જયાં કોઈ ન પહોંચ્યું હોય એવા અંતરિયાળ વિસ્તારોમાં પહોંચીને શિક્ષણ, આરોગ્ય તથા અન્ય પ્રકારની સેવાપ્રવૃત્તિ કરતો જ રહ્યો છે. વળી કયારેક મહાત્મા ગાંધીએ તો કયારેક રામમનોહર લોહિયાએ સંઘની મુલાકા લઈ એની પ્રશંસા કરેલી છે. સરદાર પટેલે ગાંધી હત્યા પછી સંઘ પર પ્રતિબંધ લાધેલો એ સાચું; પરંતુ તપાસના અંતે સંઘ વિરુદ્ધ કોઈ સંડોવણી સાબિત કરતા પુરાવા નહોતા મળ્યા. આ બધું દેશ જાણે છે. દેશ એ પણ જાણે છે કે સંઘ 'હિંદુ રાષ્ટ્ર'ની હિમાયત કરે છે. વળી આ દેશમાં રહેતા અન્ય ધર્માવલંબીઓને પણ સંઘ 'હિંદુ' જ ગણે છે. સંઘની આ વિચારધારા સ્વાભાવિક રીતે જ મુસ્લિમો, ખ્રિસ્તીઓ વગેરેને માન્ય ન હોય તે સમજી શકાય એવી બાબત છે. હિંદુત્વ એ જીવનશૈલી હોવાનું સુપ્રીમકોર્ટનું તારણ સંઘ માટે અને એના રાજકીય સંતાન ભાજપ માટે મોટું આશ્વાસન છે. પરંતુ સંઘ જયારે રેશનલ અભિગમ અપનાવી અનામતનીતિ વિશે સમીક્ષા કરવાની રજૂઆત કરે છે ત્યારે ભાજપ માટે એ શિરોવેદના બની રહે છે. આ મુદ્દો વિપક્ષો માટે હાથવગું હથિયાર ન બને તો જ નવાઈ.

# આપણી આસપાસ અનેક સ્ત્રી પાત્રો જીવતા હશે જેમણે પરિસ્થિતિ ગમે તેટલી વિકટ આવી હોય, હિંમત અને ધીરજથી નિયત લક્ષ તરફ ગતિ કરીને સફળતા મેળવી જ છે

''મમ્મી, આ લોકો કેમ આપણા ઘરે આવ્યા છે?'' હવે આપણે શું કરીશું?

યુવાનીના ઉંબરે પગે માંડી રહેલી દીકરીએ કલ્પનાને પુછ્યું ત્યારે એણે આંખોમાં આવી રહેલા આંસુને વહેતા અટકાવીને કહ્યું, ''બેટા કાંઈ ચિંતા નહિ કર, બધું જ સારું થઈ જશે.''

કલ્પનોન પોતાના લગ્ન સમયનો એ ઉલ્લાસમય સમય યાદ આવી ગયો. જૈન પરિવારમાં ઉછરેલી કલ્પનાએ એ સમયે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો. લગ્ન થઈ ગયા બાદ સરસ મજાનું પ્રસન્ન દાંપત્ય પસાર થઈ રહ્યું હતું. પતિ કોઠાસૂઝ અને પરિશ્રમ દ્વારા બે-ચાર વ્યવસાયો કરીને ઉચ્ચ મધ્યમવર્ગને છાજે એવી કમાણી કરી લેતો હતો. પૈસાની ખોટ પડતી ન હતી છતાં પતિ ૨૪માંથી ૧૪-૧૬ કલાક સતત કામ કરે અને આર્થિક રીતે વધુને વધુ સમૃદ્ધ થવાની કોશિશ કરે. સપનાના પણ નાના નહિ, મોટા જ જોવાની એને આદત હતી. પરિણઆમે ખિસ્સામાં હજાર રૂપિયા હોય તો ય લાખ્ખોના સોદા પાર પાડવાની એનામાં હિંમત હતી. એ હિંમતને કારણે જ એના મિત્રો પણ વધતા જતા હતા અને એની લોકપ્રિયતા પણ વધતી જતી હતી. સમય પસાર થતો ગયો. બે દીકરી પછી એક દીકરાનો પરિવારમાં જન્મ થયો અને સહુએ એને આનંદથી વધાવ્યો.

સ્વભાવે અતિ મહત્ત્વકાંક્ષી અને સપનાને જોઈને સાચ્ચા પાડવાની મથામણમાં દિવસ-રાત એક કરનાર પતિ માટે કલ્પનાને કયારેય ફરિયાદ ન હતી. સાસુ-સસરા સાથે જ રહેતા હતા અને શનિ-રવિની રજાઓમાં આસપાસના પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થળોનો પ્રવાસ કર્યા કરતા હતા મિત્રો સાથે. મિત્રો માટે પણ આર્થિક-સામાજિક રીતે બંને હંમેશા હૂંફ સાથે સારા-માઠા અવસરે આવીને ઊભા રહેતા હતા.

બધું સમુસૂતરું ચાલતું હતું એમાં એક દિવસ એવો આવ્યો કે આ પરિવારની આખીય દુનિયા બદલાઈ ગઈ. આર્થિક સમસ્યા માત્ર હોય તો પહોંચી વળાય પરંતુ કલ્પનાના પતિના જીવનમાં આર્થિક ખોટ-કાયદાકીય ગુંચ-પોલીસ વિભાગના પ્રશ્નો-બેંકો સાથે જોડાયેલાં પ્રશ્નો-સમાજમાં પ્રતિષ્ઠા- આ બધું જ એવી રીતે ગોઠવાયું કે આખરે એણે પરિસ્થિતિનો સ્વીકાર કરવો જ પડ્યો. દિવસો એવા આવ્યા કે પતિ બહારગામ હોય અને કોઈ માણસો ઘરે આવે તો યુવાન દીકરીઓ ગભરાઈ જાય અને લેખના આરંભે લખાયેલા સવાલો એની મમ્મીને પુછી બેસે. જયાં સતત મહેમાનો આવતા-જતાં ત્યાં એકાદ-બે મિત્રો સિવાય કોઈ જતું ન હતું. આર્થિક અને સામાજિક સ્થિતિ એક સાંધો ત્યાં તેર તુટે એવી હતી. એવા સમયે કલ્પના હિંમત ન હારી. એની બંને દીકરીઓએ અભ્યાસ કરવાની સાથે સાથે ઘરે જ ટ્યુશન કલાક



અજવાળું - અજવાળું
તુષાર જોશી

શરુ કર્યા. અનેક મુશ્કેલીઓ અને મેણા-ટોળા સાંભળતા સાંભળતા વર્ષો વીત્યા. દુઃખનું ઓસડ દહાડા એ સૂત્રને અનુરુપ પાંચ-સાત વર્ષે ફરી પરિવારે ધીરે ધીરે બેઠો થતો ગયો. કાયદાકીય પ્રશ્નો - કોર્ટની કાર્યવાહી-આર્થિક દેવું વગેરેમાંથી બહાર આવતા ગયા. સમાજમાં પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત થઈ. બંને દીકરીઓના લગ્ન ખુબ સારા પરિવારમાં થયા. ભુતકાળમાં કલ્પનાનું જે કંઈ સોનું હતું તે વેચાઈ ગયેલું એના બદલે બમણું સોનું પતિએ લઈ આપ્યું. પ્રતિષ્ઠિત વિસ્તારમાં બંગલો પણ બનાવ્યો અને સૌથી નાનો પુત્ર હતો તે પણ એન્જીનીયર થઈને સેટલ થઈ ગયો.

આખીયે ઘટનામાં જયારે પરિસ્થિતિ બદલાઈ ત્યારે કલ્પનાએ સ્ત્રી સહજભાવે દાખવેલી સુઝ અને સમજ, શાંતિ અને સ્થિરતા, સંસ્કાર અને શાણપણ તથા સાહસના કારણે એનો પરિવાર ફરી બેઠો થઈ શક્યો. પતિના પુરુષાર્થમાં એ સતત પડખે ઊભી રહી. બાળકોને ઉછેર્યા, પરણાવ્યા અને સમાજમાં પોતાની આંતરિક શક્તિનો પરિચય આપીને નારી સન્માન અને ગૌરવને ઉજાગર કર્યું.

થોડા દિવસો પહેલા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિધવિધ ક્ષેત્રની મહિલાઓના સન્માન

અનુસંધાન પાના નં. ૭ પર

# માર્ચ મહિનાનું ઓડિટ કરવા જો ઉપરવાળો આવે તો!

*નાનપણમાં બોરાં વીણવાં જતા, કાતરા પણ વીણતા,*
*કો'કની વાડીમાં ઘૂસી ચીભડા ચોરતા... ટેટા પાડતા*
*પછી બધા ભાઈબંધો પોતાના ખિસ્સામાંથી ઢગલી કરતા*
*અને ભાગ પાડતા - એ ભાગ ટીકુનો*
*આ ભાગ દીપુ નો - આ ભાગ કનિયાનો*
*છેવટે એક વધારાની ઢગલી કરી કહેતા -*
*'એ ભાગ ભગવાનનો!'*
*સૌ પોત-પોતાની ઢગલી ખિસ્સામાં ભરતા*
*ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી રમવા દોડી જતા*
*ભગવાન રાતે આવે, ને છાનામાના પોતાનો ભાગ*
*ખાઈ જાય - તેમ માનતા*
*પછી મોટા થયા બે હાથે ઘણું ભેગું કર્યું...*
*ભાગ પાડ્યા - ઘરના, ઘરવખરીના, ગાય, ભેંસ બકરીના.*
*અને ભગવાનનો ભાગ જુદો પાડ્યો...?*
RUBBISH... *ભગવાનનો ભાગ? ભગવાન તે કઈ ચીજ છે?*
*સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ હાથમાં ઘણું બધું આવ્યું*
*અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા...*
*કહે - લાવો મારો ભાગ...*
*મેં પાનખરની ડાળી જેવા મારા બે હાથ જોડ્યા - ઉજ્જડ*
*એકાદ સૂકું તરણું યે નહીં... શેના ભાગ પાડુ ભગવાન સાથે?*
*આંખમાં ઝળઝળીયાં આવ્યા, તે અડધા ઝળઝળીયા*
*આવ્યા ભગવાનને...*
*વાહ! કહી ભગવાન મને અડ્યા... ખભે હાથ મૂક્યો...*
*મારા ખાલીપાને ભરી દીધો અજાણ્યા મંત્રથી...*
*તેણે પુછ્યું - 'કેટલા વરસનો થયો તું?'*
*'પચાસનો' હું બોલ્યો...*
*ભગવાન બોલ્યા ૧૦૦માંથી અડધા તો તે ખર્ચી નાખ્યા*
*હવે લાવ મારો ભાગ!'*
*ને મેં બાકીના ૫૦ વર્ષ ટપ્પ દઈને મૂકી દીધા*
*ભગવાનના હાથમાં...*
*હું હવે ભગવાનનો ભાગ બની રહ્યો છું અહીં...*
*જોઉં છું રાહ - કે ક્યારે રાત પડે*
*ને ક્યારે આવે છાના ભગવાન - અને ક્યારે*
*આરોગે ભાગ બનેલા મને*
*ને ક્યારે હું ભગવાનનો મોંમાં ઓગળતો.. ઓગળતો...*
*- રમેશ પારેખ*

આખરે જેટલું પણ મેળવ્યું છે, તે ઈશ્વર પાસેથી મળ્યું છે, પરંતુ દર વખતે જશ માત્ર આપણે ખાટી જઈએ છીએ...

શ્રી રમેશ પારેખે સરળ શબ્દોમાં કેટલી મહત્ત્વની વાત કરી લીધી છે! ઈશ્વરને આપણે કયારેક જ અને કેમ યાદ કરીએ છીએ? તે કોઈ દિવસ વિચાર્યું છે? આપણે દુઃખમાં હોઈએ અને આપણું સુખ ટકાવી રાખવા જ આપણે તેને યાદ કરીએ છીએ.

ઈશ્વરનો ભાગ રાખવાની વાત નાનપણથી મોટપણમાં પહોંચીને ત્યાં સુધીમાં હવા થઈ જતી હોય છે.

આપણે ત્યાં કમાણીનો દસમો ભાગ દાન કરવાની વાત કરવામાં આવી છે, હા! કોઈ જગ્યાએ તકતી લગાવવા માટે દાતાઓની યાદીમાં નામ મેળવવા માટે કરેલું દાન-પુણ્ય અને દાન નથી. માર્કેટીંગ છે... પોતાની જાતને વેંચવાનું માર્કેટીંગ... સાચા દાન-પુણ્યની વ્યાખ્યામાં નથી પડવું પરંતુ સન્માર્ગે કેટલું દાન કર્યું તેની વાત છે...

ભગવાન દરબારમાં જયારે આપણી પેશગી થશે ત્યારે, અથવા ઉપરવાળો ખુદ જયારે એકાદ માર્ચ એન્ડમાં આપણું એકાઉન્ટ સેટલ કરવા આવશે ત્યારે પોતાનો ભાગ માગશે... તેને હાર્ડ કેશમાં રસ નહીં હોય...

ભગવાન નહીં પૂછે કે આપણું ઘર કેટલા સ્કવેર ફુટનું છે? પરંતુ એ જરુર પુછશે કે સાચા હૃદયથી આપણએ એ ઘરમાં કેટલાને આવકાર્યા હતા?

ભગવાન એ પણ નહીં પૂછે કે આપણી પાસે કઈ બ્રાન્ડના અને કેટલા ગારમેન્ટ છે, પણ એ જરુર પૂછશે કે કેટલા લોકોના ઉઘાડા શરીર આપણે ઢાંકી શક્યા!

આપણા Social Status ની સાથે તેને કોઈ લેવા દેવા નથી પરંતુ Moral Status વિશે જરુર પૂછશે!

આપણે કલાસ વનના કે કલાસ ફોરના કર્મચારી હતા એ અંગે એ કંઈ જ નહી પૂછે, પરંતુ આપણને જે સોંપાયેલ કામ હોય તે આપણે નિષ્ઠાપૂર્વક કર્યું કે નહીં તેની એ ચોક્કસ પૂછપરછ કરશે!



વિચારયાત્રા
ડો. જય ઓઝા

આપણે પોતાને આગળ લાવવા કેવા-કેવા કોઠા-કબાડા કર્યા તેમા એને લેશ માત્ર રસ નહીં જ હોય... પરંતુ બીજાને મદદરુપ થવા માટે આપણે શું કરી છૂટ્યા એ વિશે બધું જ વિગતે પૂછશે?

**ભગવાન નહીં પૂછે કે આપણું ઘર કેટલા સ્કવેર ફુટનું છે? પરંતુ એ જરુર પુછશે કે સાચા હૃદયથી આપણએ એ ઘરમાં કેટલાને આવકાર્યા હતા?**

ઉપરવાળો બિચારો દયાળુ છે... જરાક અમથું આપણું સમર્થન આપણા અગાઉના બધા ડિફોલ્ટ એકાઉન્ટને સેટલ કરવા માટે તેને મન બસ છે..

નીચે વાળા C.A. કરતા ઉપરવાળાના ચોપડા જરા અલગ છે... એમા સેટલમેન્ટ કરવા માટે આખા વર્ષના આપણા જમા-ઉધાર કર્મોનું લિસ્ટ જોવામાં આવે છે... અને હા! ઉપરવાળા પાસે કોઈ છટકબારીઓ નથી હોતી. માટે જ વેળાસર ચેતી જઈએ અને અચાનક ઈશ્વર આપણી પાસે આવીને ભાગ માગે તેની પહેલા જ આપણે થોડો-થોડો રોજ તેનો ભાગ અલગ કરતા જઈએ...

- jayuoza@gmail.com
Mo. 9898046488

# જગતમાં સંત પરમ હિતકારી

શાંતિ પમાડે તેને તો સંત કહીએ.
એના દાસના તે દાસ થઈને રહીએ રે....
કલ્પવૃક્ષ સેવ્યે દાળદર રહ્યું ઊભું,
ત્યારે તેના તો ગુણ શીદ ગાઈએ રે ?
શાંતિ પમાડે તેને સંત કહીએ...

સંસારના દુખિયારાઓની પીડા હરવાનું કામ જેમણે નિજાનંદે તથા સહજભાવે કરેલું છે. તેવા સંતોની એક ઉજળી પરંપરા આપણે જોઈએ છે. તેમના માનવધર્મ પ્રત્યેની નિષ્ઠાને કારણે આ સંતોના જીવન યજ્ઞકુંડની જવાળા સમાન જવલંત તથા ઝળહળતા રહેલા છે.

સંતોની આ ઉજળી પરંપરાના સંદર્ભમાં એક ઘટના સ્મૃતિમાં આવે છે. વેરાન વગડાની વચ્ચે જટાદાર જોગીની છટાથી ઊભેલા લીમડાના કેટલાક વૃક્ષો નીચે એક વેલડું (બળદગાડા જેવું એક સાધન) ઊભું રહ્યું. લીમડા આચ્છાદિત આ જગા વિશ્રામ કરવા માટે સારી હતી. ગરમીથી રાહત મળે તથા આ જગાએ આવેલા એક જૂના કૂવાના શિતળ જળથી તૃષા પણ સંતોષી શકાય. વેલડાની સાથે રહેલા એક વડીલે આ જગાએ બેસીને જલ્દીથી મુસાફરીમાં સાથે લીધેલું ભોજન કરી લેવા કહ્યું. ઉપરાંત આ વડીલે વેલડામાં જોડાયેલા બળદોને પણ નીરણ પાણી કરાવવા માટે સૂચના આપી.



વેલડામાં આહીર જ્ઞાતિની એક યુવાન દીકરી બેઠેલી હતી. દીકરી પણ સૌની સાથે આ મનને ગમે તેવા વગડાની વચ્ચે આવેલા સ્થળે ભોજન કરવા બેઠી હતી.

વેલમાં બેસીને પોતાના સાસરે જતી આ કોડભરી કન્યાને એક વાતનું ખૂબ આશ્ચર્ય થયું, વખતોવખત વેલડાની સાથે આવેલા વડીલ આ સ્થળેથી જલ્દી જલ્દી નીકળવાનું શા માટે કહેતા હતા. આ સોહામણી જગાએ લીમડાની શીળી છાયા હેઠળ તો થોડીવાર જમીને આરામ કરવા જેવું હતું. દીકરી આસપાસ નજર ફેરવીને થોડા ડગલાં આ સ્થળની આજુબાજુ ધીમા પગલે ફરે છે. અચાનક આ કન્યાના કાને કોઈને વચ્ચેની વાતચીતના અસ્પષ્ટ શબ્દો સંભળાયા. વગડામાં આવા સ્થળે તથા સમયે કોઈ વાતચીત કરતું હશે તેની તેને ઉત્સુકતા થઈ. પરિસ્થિતિનો તાગ મેળવવા આ સાસરે જવા નીકળેલી કન્યા વાતચીત સંભળાતી હતી તે દિશા તરફ જવા લાગી. થોડા ડગલાં ચાલ્યા પછી આ કન્યાએ જે દૃશ્ય જોયું તે રૂંવાડા કરી દે તેવું હતું.

દીકરીએ જોયું કે એક સાધુ કોઈ જૈફ ઉંમરના માજીના રક્તપિત્તના રોગથી સડેલા તથા ગંધ મારતા શરીરના અંગોને હૂંફાળા પાણીથી સાફ કરતા હતા. દીકરીએ એ બાબતની પણ નોંધ લીધી કે આવું દેખીતી રીતે અપ્રિય લાગે તેવું કામ કરતા પેલા સાધુના મુખ ઉપર ઠાકોરજીની આરતી કરતી વખતે પુજારીના મોં પર જેવી પ્રસન્નતાના ભાવ હોય તેવા જ ભાવ જોવા મળતા હતા. આવું કાર્ય પૂર્ણ નિજાનંદથી કરતા સાધુ વચ્ચે વચ્ચે મીઠી મજાક-મશ્કરી કરી કરીને જૈફ ઉંમરના પીડિત મહિલાનું દર્દ પણ ઓછું થાય તેવા નરવા પ્રયાસ કરતા હતા. બાવાજી મા ને કહેતા ''મા, તમે તો જલ્દીથી સાજા નરવા થઈ જવાના છો આ પીડા હવે તો ગઈ તેમજ સમજો!''ડોશીમાં શાંતિ આપનારા સાધુના આ શબ્દો સાંભળીને દર્દમાંથી અનેરી રાહત મેળવતા હતા.

સાસરે જઈ સંસાર માંડવાના સોણલાં જોતી આ કોડભરી કન્યા આ દશ્ય જોતાં જે દિગ્મૂઢ થઈને કોઈ અનેરા ખેંચાણથી તે બાજુ ખેંચાયા કરતી હોવાનો અનુભવ મનોમન કરતી હતી. દીકરી સાવ નજીક જઈને ઊભી રહે છે. સાધુનું ધ્યાન અચાનક જ આ યુવાન કન્યા તરફ જતા અધિરાઈથી બોલી ઉઠે છે. 'અરે, મારી મા, જરા દૂર ઊભી રહે.' કન્યાના વસ્ત્ર પરિધાન અને શરીર પરના આભૂષણો જોઈને સાધુ તેને કહે છે. કે, ''તારે તો હજુ સંસાર માણવાનો બાકી છે.' પણ આ દીકરીની મનોસ્થિતિ હવે બદલાઈ ચૂકી હતી. દીકરી મનમાં વિચારતી હતીઃ 'અરેરે! આ સુંદર દેખાતા શરીરની આવી પણ સ્થિતિ થતી હશે ?' જો એમ જ હોય તો આ ક્ષણભંગુરતાનું કહેવાતું સુખ માણવાનો અર્થ શું છે ? જીવનનો ખરો અર્થ ભોગ વિલાસમાં નહિ પરંતુ આ વગડા વચ્ચે ખરા અર્થમાં માનવસેવાનો યજ્ઞ કરનાર સાધુના પગલે જીવન જીવવામાં છે, તેની દ્રઢ પ્રતીતિ દીકરીને થઈ ચૂકી હતી. ગંગાસતી કહે છે તેમ-વીજળીના એક ચમકારે યુવાન કન્યાએ નિર-ક્ષિરનો તાગ મેળવી લીધો હતો. દેહની ચમક-દમકનો ભ્રમ આ સાધુના કાર્યને જોતાં જ ઓગળી ગયો. દુખિયારા ભાંડુઓના આંસુ લૂછવામાં હવે આ કોડભરી કન્યાને જીવનનું સાર્થક્ય દેખાતું હતું.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

પૂરી સ્વસ્થતા તથા અસાધારણ દ્રઢતા સાથે દીકરીએ શરીર પરના આભૂષણો એક પછી એક ઉતારીને વેલડાની સાથે રહેલા વડીલને સોંપી દીધાં. આ દીકરી તે અમરબાઈ તથા આ સંત એટલે સંત દેવીદાસ હતા. આજે પણ જૂનાગઢ જિલ્લાના પરબ સેવા ક્ષેત્રના તીર્થમાં સંત દેવીદાસ તથા અમરમાની આ અજોડ સેવાના પડઘા જીવંત છે. સંતોની આ પરંપરા થકી ગુજરાત રળિયાત થયેલું છે.

આ તમામ સંત કવિઓની વાત કહેવાની શૈલી અલગ અલગ હોઈ શકે છે, પંરતુ અંતે તો 'રોટીનો ટૂકડો ત્યાં હરિ ઢૂકડો' એ ભાવ તેમાં સાર્વત્રિક રીતે ઝીલાયો છે. ભૂખ્યાંને ભોજન કરાવવાના કાર્યને આપણી સંત પરંપરામાં પ્રાથમિકતા આપવામાં આવી છે.

કબીર કહે કમાલ કુ દો બાતા સીખ લે
કર સાહેબ કી બંદગી, ભૂખે કુ અન્ન દે,

ગોરખનાથજીનું ભજન પણ કબીર સાહેબના આ જ ભાવનો પડઘો પાડે છે :

બસ્તીમેં રહેના અવધૂ,
માંગીને ખાના રે જી,
ટૂકડે મેં સે ટૂકડા કરી દેના મેરે લાલઃ
લાલ મેરા દિલમાં સંતો
લાગી વેરાગી રામા
જોયું મેં તો જાગી હો જી.

સંતોની આ ઉજળી પરંપરા આપણો ઉજળો વારસો છે. કાળના કપરા તથા વિકટ પ્રવાહમાં પણ આવા સંતોનો પ્રભાવ ઝાંખો પડ્યો નથી.